આધાર નોંધણી કામગીરી અંતર્ગત આઈસીડીએસ જીલ્લા કક્ષાએ અને મ્યુનિસિપલ કોર્પોરેશન કક્ષાએ આધાર સેવિંગ્સ બેંક એકાઉન્ટ ખોલવા મંજુરી આપવા બાબત

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ,

ઠરાવ ક્ર: WCDD/IMR/e-file/23/2022/0019/B (ICDS),

સચિવાલય, ગાંધીનગર.

**સંદર્ભ–**

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગના પત્ર ક્રમાંક:આઇસીડી-૧૧૨૦૧૯-૪૧૯-બ-૧ તા.૬/૧૨/૨૦૧૯

(૨) નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર ના પત્ર ક્ર: આઇસીડીએસ/બાંધકામ/આધાર/૪૧૬૦૧૨/૨૦૨૨ તા.૨૮/૯/૨૦૨૨

**આમુખ:**

સંદર્ભ(૧) થી આધાર જનરેશનની રકમ માટે રાજ્ય કક્ષાએ યોજના અંતર્ગતની સેવાઓના ખર્ચની નોંધણી હેઠળનું બેંક સેવિંગ્સ એકાઉન્ટ ખોલવવાની મંજૂરી આપવામાં આવેલ. સંદર્ભ (૨) થી નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની દરખાસ્ત અન્વયે આધાર નોંધણી કામગીરી અંતર્ગત આઇસીડીએસ જીલ્લા કક્ષાએ અને મ્યુનિસિપલ કોર્પોરેશન કક્ષાએ આધાર સેવિંગ્સ બેંક એકાઉન્ટ ખોલવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

પુખ્ત વિચારણાના અંતે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા રાજ્ય કક્ષાએ બેંક ઓફ બરોડામાં ખોલાવેલ એકાઉન્ટને મુખ્ય એકાઉન્ટ જાહેર કરી તેની નીચે બેંક ઓફ બરોડામાં ૩૩ જીલ્લા કક્ષાના તથા ૭ કોર્પોરેશન કક્ષાએ Zero Balance subsidiary Account ખોલાવવાની નીચે મુજબની શરતોની આધીન મંજૂરી આપવામાં આવે છે.

૧. જે હેતુ માટે બેન્ક એકાઉન્ટ ખોલવાની મંજૂરી માંગેલ છે તે હેતુ માટે જ ઉપયોગ કરવાનો રહેશે

૨. બેંક એકાઉન્ટમાં જમા રહેલ રકમમાંથી થયેલ ખર્ચ અને હિસાબોનું નિયમોનુસાર ઓડિટ કરવાનું રહેશે

૩. તમામ બેંક ખાતાઓ બે અધિકૃત હસ્તાક્ષરકર્તાઓ દ્વારા સંચાલિત કરવાના રહેશે.

૪. યોજનાનું ઓડિટ નિયમિતપણે કરવાનું રહેશે તેમજ તેનો અહેવાલ નાણાં વિભાગને મોકલવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૯-૦૪-૨૦૨૩ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

આપનો વિશ્વાસુ,

(જે. આઇ. લેઉવા)

ઉપ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. માન.મંત્રીશ્રી (મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
2. અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
3. સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
5. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
6. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સર્વે જિલ્લા પંચાયત ની કચેરી
7. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી – તમામ
8. એકાઉન્ટન્ટ જનરલ શ્રી (અમદાવાદ/રાજકોટ)
9. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર
10. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર

Signature Not Verified
Signed by: J I Leuva
Under Secretary
Date: 2023.05.05
17:04:49 +05:30



*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

11. વિભાગીય નાયબ નિયામકશ્રી (આઇસીડીએસ) (અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ)
12. પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઇસીડીએસ), સર્વે જિલ્લા પંચાયત કચેરી……………
13. પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઇસીડીએસ), સર્વે મ્યુનિસિપલ કોર્પોરેશન…………….
14. સિસ્ટમ મેનેજર – વેબસાઇટ ઉપર મુકવા સારૂ.
15. સિલેક્ટ ફાઇલ

Signature Not Verified
Signed by:J I Leuva
Under Secretary
Date: 2023.05.05
17:04:49 +05:30

File No: WCDD/IMR/e-file/23/2022/0019/B (ICDS)
Approved By: K K Nirala(Secretary,WCDD)
Open the document in Adobe Acrobat DC to verify the E-sign